**સાથી VAN Nambodiri એ શ્રી શકીલ અહમદ, જી.એમ.(એસ.આર) ને લખેલ તા. 17.08.2009 ના પત્ર નો ટૂંક સાર :**

**Date 17.08.2009**

- મેનેજમેન્ટ ના જડ, ભેદભાવભર્યા અને ઢીલાશ ભર્યા વલણ ના કારણે જ યુનાઈટેડ ફોરમ ને તા. 19 અને 20 ઓગષ્ટ 2009 ના રોજ હડતાળ પાડવાની ફરજ પડી છે.
- મેનેજમેન્ટ અને યુનિયન વચ્ચે થયેલ સમજૂતી ના પગલે તા. 19 અને 20 મે, 2009 ની હડતાળ મુલતવી રાખવામાં આવી હતી. સમજૂતી પ્રમાણે મેનેજમેન્ટ તરફથી ખાતરી અપાઈ હતી કે કર્મચારીઓ ને વધુ બે માસનો બેઝીક પે વચગાળાની રાહત તરીકે આપવામાં આવશે અને નવા HRA rates પ્રમાણે HRA ચૂકવવામાં આવશે. જેનો અમલ થયો નથી. Wage Revision એ Union ની મુખ્ય માગણી રહી છે. 18 મે, 2009 ના રોજ થયેલ Agreement પ્રમાણે ખાતરી અપાઈ હતી કે Wage Revision ના પ્રશ્ન અંગે Wage Negotiation Committee માં ચર્ચા વિચારણા કરી Wage Revision અમલમાં લાવવામાં આવશે.

- 18 મે, 2009 ના એગ્રીમેન્ટ બાદ મેનેજમેન્ટ તરફથી કોઈપણ સાનુકૂળ પ્રયત્ન કરવામાં આવ્યા નથી. તા. 05 જૂન, 2009 ના રોજ એકમાત્ર Wage Negotiation Committee ની Meeting યોજવામાં આવી. ત્યારબાદ 13 ઓગષ્ટ, 2009 સુધી કોઈપણ Meeting કરવામાં ન આવી. Wage Negotiation ના પ્રશ્ન ને અભરાઈ એ ચડાવી દેવાનો Management તરફથી પ્રયત્ન કરવામાં આવ્યો. અઢી મહિના કરતાં વધુ સમય સુધી કોઈપણ જાતની કાર્યવાહી Management તરફથી કરવામાં ન આવી.

- Wage Negotiation Committee ના ચેરમેન શ્રી આર.કે. બત્રા તા. ૩૦ જૂન,૨૦૦૯ ના રોજ સેવા નિવૃત થયા. નવા ચેરમેનશ્રી ની નિમણુંક તા. ૧૦ ઓગષ્ટ,૨૦૦૯ ના રોજ કરવામાં આવી. યુનિયન તરફથી અનેક રજૂઆતો કરવામાં પણ મેનેજમેન્ટ તરફથી આ પ્રશ્ન અંગે ગંભીરતા પૂર્વક ના કોઈપણ પગલાં લેવામાં ન આવ્યા. BSNL ના 2.5 લાખ કરતાં વધુ કર્મચારીઓને સ્પર્શતા પ્રશ્ન પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવ્યું.

- ૧૩ ઓગષ્ટ, ૨૦૦૯ ના રોજ થયેલ Wage Negotiation Committee ની મિટીગ માત્ર ઔપચારિકતા બની રહી. આ મિટીગ માં પણ મેનેજમેન્ટ તરફથી Fitment અને Periodicity અંગે કંઈ નવી ઓફર આપવામાં આવી નહી. BSNL ના ઉચ્ચ અધિકારીઓ

૭૦% કરતાં પણ વધુ પગાર વધારો મેળવી ચૂકયા છે અને BSNL ના જ 2.5 લાખ કર્મચારીઓની વ્યાજબી અને ન્યાયપૂર્ણ માંગણી ઉપર ધ્યાન આપવામાં આવતું નથી. આવા ઘોર અન્યાય ને સહન ન કરી શકાય.

- UNITED FORUM ના સભ્ય યુનિયનો એ BSNL ના હિતને પણ નજર સમક્ષ રાખ્યું અને પોતાની જવાબદારીઓ ને ધ્યાનમાં રાખી BSNL ને નુકસાન થાય તેવા કોઈ પ્રયત્નો ન કર્યા. સહનશીલતાનું ઉદાહરણ પુરૂં પાડયું. કર્મચારીઓ ની ધીરજ અને BSNL પ્રત્યેની શુભનિષ્ઠા ની મેનેજમેન્ટ દ્વારા કસોટી કરવામાં આવી અને તેની મજાક ઉડાવવાનો પ્રયાસ થયો. જો મેનેજમેન્ટ કર્મચારીઓ ની વ્યાજબી માંગણીઓ અને BSNL ના હિત ને સમજી શકયું હોત તો યુનિયનો સાથે વાટાઘાટો હાથ ધરવામાં આવી હોત. હડતાળ ની નોટીસ આપવા છતાં પણ મેનેજમેન્ટ તરફથી આ અંગે કોઈ પ્રયાસો કરવામાં ન આવ્યા અને અંતે BSNL ના કર્મચારીઓ ને હડતાળ પર જવાની ફરજ પડી  જે માટે માત્ર અને માત્ર BSNL મેનેજમેન્ટ જ સંપૂર્ણ રીતે જવાબદાર છે.

સાથીઓ ,

**અન્યાય સહન કરનાર અન્યાય કરનાર કરતાં વધુ મોટો ગુનેગાર છે.**

**સંગઠિત બનો..**

**ન્યાય મેળવવા સંઘર્ષ કરો....**

19 અને 20 ઓગષ્ટની  હડતાળને ઐતિહાસિક સફળ બનાવવા સૌને હાર્દિક અપીલ છે.

VAN Namboodiri
Convener,
United Forum Of BSNL Unions
& General Secretary, BSNLEU

M.K.Dave
Circle Secretary
GUJARAT